# લુપ્ત થવાના આરે ઊભેલા હરણોત્રો મોબાઈલ ફોનમાં કેદ થતા વન્યજીવન પ્રેમીઓ હરખાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના સરહદી અને વૈવિધ્યસભર વન્યજીવ સંરક્ષણ ક્ષેત્રે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ઉત્સાહજનક સમાચાર પ્રકાશમાં આવ્યા છે. એશિયાઈ ઉપમહાદ્વીપ અને ભારતમાં બિલાડી વંશની સૌથી દુર્લભ ગણાતી પ્રજાતિ 'હરણોત્રો' (કેરાકલ) નખત્રાણા તાલુકાના ગોધિયાર મોટી ગામ નજીક વિહરતી જોવા મળી છે. લુપ્ત થવાના આરે ઉભેલા આ વન્યજીવના જીવંત પુરાવા મળતા જ પર્યાવરણવિદો અને વન્યજીવ પ્રેમીઓમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે. આ ઘટનાને કચ્છના સમૃદ્ધ જૈવ વૈવિધ્યની એક મોટી સિદ્ધિ તરીકે જોવામાં આવી રહી છે.

સ્થાનિક સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, ગોધિયાર મોટી ગામના સોઢા હીરજી ગત રાત્રિના સમયે પોતાની વાડી તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન રસ્તામાં અંધકાર વચ્ચે તેમને એક અજાણ્યા અને વિચિત્ર દેખાવવાળા પ્રાણીની હલચલ જણાઈ હતી. વન્યજીવો પ્રત્યેની સજાગતા દાખવીને તેમણે સહેજ પણ સમય ગુમાવ્યા વિના પોતાના મોબાઈલ ફોનના કેમેરામાં આ વન્યજીવની તસવીરો કેદ કરી લીધી હતી.

ત્યારબાદ, સ્થાનિક પ્રકૃતિપ્રેમી અને અનુભવી બર્ડિંગ ગાઈડ સોઢા વિક્રમસિંહે આ ફોટોગ્રાફ્સની ઝીણવટભરી ચકાસણી કરી હતી. શારીરિક બનાવટ, લાંબા અને અણીદાર કાન તેમજ વિશિષ્ટ દેખાવના આધારે તેમણે આ પ્રાણી ભારતનું અત્યંત વિરલ વન્યજીવ 'હરણોત્રો' (કેરાકલ) હોવાની સત્તાવાર પુષ્ટિ કરી હતી.

વન્યજીવ નિષ્ણાતોના મતે, હરણોત્રો એ અત્યંત શરમાળ, નિશાચર અને માનવ વસ્તીથી દૂર રહેનારું પ્રાણી છે. ભારતમાં તેનું અસ્તિત્વ ગંભીર જોખમ હેઠળ છે અને વન્યજીવ સંરક્ષણ ધારાની 'અનુસૂચિ-૧' હેઠળ તેને સર્વોચ્ચ રક્ષણ પ્રાપ્ત છે. કચ્છના રણ અને ઘાસિયા મેદાનોમાં અગાઉ તેના પગમાર્ક કે કેમેરા ટ્રેપમાં અસ્પષ્ટ હલચલ નોંધાઈ છે, પરંતુ સામાન્ય નાગરિક દ્વારા નરી આંખે તેના પ્રત્યક્ષ દર્શન થવા અને આટલા સ્પષ્ટ ફોટોગ્રાફિક પુરાવા મળવા એ વન્યજીવ ઇતિહાસની ખૂબ જ દુર્લભ ઘટના છે.

આ અહેવાલ વાયુવેગે પ્રસરતા જ વન્યજીવ પ્રેમીઓ અને સંશોધકોમાં ભારે રોમાંચ જોવા મળી રહ્યો છે. વાઈલ્ડલાઈફ એક્સપર્ટ્સનું માનવું છે કે આ વિરલ દર્શને સાબિત કર્યું છે કે કચ્છનું પર્યાવરણ હજુ પણ આવા અતિ-દુર્લભ જીવો માટે અનુકૂળ આશ્રયસ્થાન છે. આ ઘટના બાદ વન વિભાગ અને સ્થાનિક તંત્ર દ્વારા આ પંથકમાં વન્યજીવ સંરક્ષણ અને દેખરેખના પ્રયાસો વધુ સઘન અને મજબૂત બનાવવામાં આવે તેવી લોકમાંગ પણ ઉઠી છે. ■

# સુરત મનપાના પ્રી-મોન્સૂન પ્લાનની પોલ ખૂલી, સીઝનના પહેલા વરસાદમાં અનેક વિસ્તારો જળમગ્ન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરતમાં પ્રથમ વરસાદમાં જ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રી-મોન્સૂન પ્લાનની પોલ ખુલી ગઈ છે. બે ઇંચ જેટલા સામાન્ય વરસાદમાં જ સુરતના રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા અને અનેક સોસાયટીઓમાં પાણી ઘૂસી ગયા હતા. સુરતના મોટા વરાછા વિસ્તારમાં સામાન્ય વરસાદમાં જ ૭૦૦ મીટર લાંબો રસ્તો અચાનક બેસી ગયો હતો. રસ્તા પર આખેઆખી કાર સમાઈ જાય તેવા ચાર થી પાંચ મોટા ભુવા પડી જતાં વાહનચાલકોના જીવ તાળવે ચોંટ્યા હતા. કોઈ જાનહાનિ ન થાય તે માટે મહાનગરપાલિકાએ તાત્કાલિક અસરથી રસ્તો બંધ કરાવ્યો છે. રસ્તો બેસી જતાં માર્ગોની કામગીરીની ગુણવત્તા અંગે સ્થાનિકોએ રોષ સવાલો કર્યા હતા.

મહીધરપુરા પોલીસ સ્ટેશન સામે મુખ્ય માર્ગ પર પાણી ભરાયા હતા. અહીં ગટર મારફતે પાણીનો નિકાલ ન થતાં રોડ પર પાણી ભરાયેલું રહ્યું હતું. લીનિયર બસ સ્ટેન્ડની સામે પણ પાણી ભરાયેલું જોવા મળ્યું હતું. શહેરના અનેક વિસ્તારો જળમગ્ન બની ગયા હતા. રોડ પર ઘૂંટણસમા પાણીને કારણે અસંખ્ય વાહનચાલકો અટવાયા હતા.

આ ઉપરાંત શહેરમાં એકસાથે ૧૦થી વધુ સ્થળોએ વૃક્ષો પડવાના કોલ મળતા જ સુરત ફાયર વિભાગ એક્શન મોડમાં આવી ગયું હતું. કંટ્રોલ રૂમ સતત ધમધમતો રહ્યો હતો અને ફાયર જવાનોની અલગ-અલગ ટીમો રાતથી જ સતત દોડતી રહી હતી. રસ્તાઓ પર વાહનવ્યવહાર અટકી ન પડે તે માટે ફાયર વિભાગના જવાનોએ ધોધમાર વરસાદમાં પણ કટર મશીન વડે વૃક્ષોની ડાળીઓ કાપીને રસ્તા સાફ કર્યા હતા. ■

# અમદાવાદનો શિક્ષક સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના નિકોલ વિસ્તારમાં આવેલી ચાણક્ય સ્કૂલમાં પીટી શિક્ષકે એક વિદ્યાર્થીને કાન પર લાફો ઝીંકી દેતા વિદ્યાર્થીના કાનના પડદાને નુકસાન થયું હતું અને તેણે સર્જરી કરાવવી પડી હોવાના અહેવાલો હતા. હવે આ કેસમાં સ્કૂલે ત્વરીત પગલાં લઈ શિક્ષકને સસ્પેન્ડ કરી દીધા હોવાની માહિતી મળી છે.

અહીંની સ્કૂલમાં ૨૭ જૂનના ખો-ખો મેચ રમાઈ રહી હતી. સ્કૂલ ગ્રાઉન્ડમાં વિદ્યાર્થીઓ તેને જોવા એકત્ર થયા હતા. તે સમયે શિક્ષક લક્ષ્મણ પરાતે આવ્યા હતા અને વિદ્યાર્થીઓ કથિત રીતે વાતો કરતા હોવાથી ગુસ્સે ભરાયા હતા. તેમણે એક વિદ્યાર્થીને લાફો ઝીંકી દીધો હતો. આ લાફો તેના કાન પર લાગ્યો હતો અને કાનમાંથી લોહી નીકળ્યું હતું તેમ જ કાન પર સોજો આવી ગયો હતો. સ્કૂલ મેનેજમેન્ટે ૧૫ વર્ષીય વિદ્યાર્થીના માતા-પિતાને જાણ કરતા તેઓ સ્કૂલે દોડી આવ્યા હતા.

વિદ્યાર્થીને હૉસ્પિટલ ખસેડવામા આવ્યો હતો, જ્યાં ડોક્ટરે તેના કાનને ભારે નુકસાન થયું હોવાનું જણાવી આગળની સારવાર હાથ ધરી હતી. ડોક્ટરના અહેવાલો બાદ વિદ્યાર્થીના પિતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સ્કૂલ મેનેજમેન્ટે શિક્ષણકને સસ્પેન્ડ કર્યા હતા, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# અમદાવાદમાં ૫૦ લાખની લૂંટનો ભેદ ઉકેલાયો,

## મુખ્ય આરોપીની પત્ની ₹૨૫ લાખની રોકડ સાથે ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના કૃષ્ણનગર વિસ્તારમાં થયેલી ૫૦ લાખની લૂંટનો ભેદ આખરે પોલીસે ઉકેલી નાખ્યો છે. પોલીસે આ લૂંટના મુખ્ય સુત્રધાર આરોપી અજય ઉર્ફે અજુબા ગાંગડેકરની પત્ની દિવ્યા ગાંગડેકરની રૂ. ૨૫ લાખ સાથે ધરપકડ કરી હતી. પોલીસે છારા ગેંગના સંડોવણીની શંકાના આધારે તપાસ કરીને અજય સુધી પહોંચી તેની પત્નીની તપાસ કરતા મુદ્દામાલ સાથે મળી આવી હતી. ચોરી કર્યા બાદ આરોપીઓ દિવ્યાને મુદ્દા માલ આપીને ફરાર થઈ ગયા છે. પોલીસે દિવ્યાની ધરપકડ કરી વધુ પૂછપરછ શરૂ કરી છે. તે ઉપરાંત બાકીના ફરાર આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૭ જૂનના રોજ બપોરના સમયે કેયુર પટેલ નામના વેપારી બાપુનગર આંગડિયા પેઢીમાંથી ૫૦ લાખ રૂપિયા લઈને જતા હતા ત્યારે મારુતિ પ્લાઝા પાસે અકસ્માતનું બહાનું કરીને કારનો કાચ તોડી રૂપિયા ભરેલી બેગ લઈને ત્રણ શખ્સો ફરાર થઈ ગયા હતા. આ લૂંટની તપાસ માટે ઝોન ૫ એલસીબી અને કૃષ્ણનગર પોલીસની ટીમ કામે લાગી હતી.

પોલીસે ફરિયાદીને આરોપીઓની ઓળખ કરવા માટે આ પ્રકારે ચોરીના ગુના કરવાવાળા આરોપીઓની ફોટા બતાવીને ઓળખ કરાવવામાં આવી હતી. ■

# ત્રણ વર્ષના બાળકની તબિયત બગડતા સુરત એરપોર્ટ પર ફ્લાઈટનું ઈમર્જન્સી લેન્ડિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદથી નવી મુંબઈ જતી ઇન્ડિગોની ફ્લાઇટનું સોમવારે સાંજે સુરત ખાતે ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં સવાર એક ત્રણ વર્ષના બાળક સૌરભની તબિયત બગડતા પાઇલટે મેડિકલ ઈમરજન્સી જાહેર કરી હતી અને ફ્લાઈટને સુરત એરપોર્ટ પર લેન્ડ કરી હતી.

ફ્લાઇટ ૬ઈ-૭૦૧૮ અમદાવાદથી સાંજે ૭ વાગ્યે ૭૨ મુસાફરો સાથે રવાના થઈ હતી. રાત્રે ૮.૨૦ વાગ્યાની આસપાસ ત્રણ વર્ષના બાળકની તબિયત કથળવાનું ધ્યાનમાં આવ્યું હતું. બાળક તેની માતા સાથે હતું અને બોર્ડિંગ સમયે પણ બીમાર હતું, પરંતુ તેની તબિયત વધારે ખરાબ થઈ હોવાનું જણાઈ રહ્યું હતું.

કેબિન ક્રૂએ તબીબી સહાય માટે અપીલ કરી હતી અને ફ્લાઇટમાં મુસાફરી કરી રહેલા બે ડોકટરે બાળકની તપાસ કરી તેને રાહત આપવાની કોશિશ કરી હતી, પણ બાળકની સ્થિતિમાં કોઈ સુધારો થયો નહીં, જેના કારણે પાઇલટે વિમાનને ડાયવર્ટ કર્યું અને સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સાવચેતીપૂર્વક ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

એર ટ્રાફિક કંટ્રોલ તરફથી ચેતવણી મળ્યા પછી, સીઆઈએસએફ, એરપોર્ટ મેડિકલ ટીમ, ઇન્ડિગો સ્ટાફ અને અન્ય એજન્સીઓએ સ્થિતિને પહોંચી વળવા તૈયારીઓ કરી હતી. વિમાન સુરક્ષિત રીતે ઉતર્યું, ત્યારબાદ તબીબી કર્મચારીઓએ બાળકને વધુ સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં ખસેડતા પહેલા પ્રાથમિક સારવાર આપી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે સીઆઈએસએફે એરપોર્ટ અધિકારીઓ, એરલાઇન સ્ટાફ અને તબીબી ટીમ સાથે ગાઢ સંકલન કરીને બાળકને ફટાફટ હૉસ્પિટલ પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી. ત્યારબાદ ફ્લાઇટ ફરી શરૂ થઈ અને રાત્રે ૯.૨૦ વાગ્યે સુરતથી નવી મુંબઈ જવા રવાના થઈ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

## વડોદરામાં ચોથી વીજીઆરસીનું સમાપન:

# 3 લાખ 34 હજાર કરોડથી વધુના મૂડી રોકાણો સાથે 3,૭૫૯ એમઓયુ થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરામાં આયોજિત મધ્ય ગુજરાતની ચોથી વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ (વીજીઆરસી) મંગળવારે કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં સંપન્ન થઈ હતી. પ્રાદેશિક આકાંક્ષા-વૈશ્વિક મહત્ત્વાકાંક્ષા થીમ પર આયોજિત આ પરિષદમાં કુલ ૩ લાખ ૩૪ હજાર કરોડ રૂપિયાથી વધુના રોકાણ માટે ૩,૭૫૯ એમઓયુ પર હસ્તાક્ષર થયા, જેનાથી રાજ્યમાં ૧ લાખ ૯૭ હજારથી વધુ નોકરીઓનું સર્જન થવાની અપેક્ષા છે.

સમાપન સમારોહને સંબોધતા કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે છેલ્લા એક દાયકામાં ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં ઐતિહાસિક પરિવર્તન આવ્યું છે. વર્ષ ૨૦૧૪ માં દેશનું સંરક્ષણ ઉત્પાદન ₹૪૬ હજાર કરોડ હતું, જે હવે વધીને ₹૧.૭૮ લાખ કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું છે. આ સાથે, ભારતે ₹૩૯ હજાર કરોડની સંરક્ષણ નિકાસ પણ હાંસલ કરી છે. આ સાથે કેન્દ્રીય મત્સ્યઉદ્યોગ, પશુપાલન અને ડેરી પ્રધાન રાજીવ રંજન સિંહે ગુજરાતને આંતરદેશીય મત્સ્યઉદ્યોગમાં દેશનું પાવરહાઉસ બનાવવાનું આહ્‌વાન કર્યું હતું. તેમણે રાજ્યમાં ઉપલબ્ધ જળ સંસાધનોના ઉપયોગ, બ્લ્યુ ઈકોનોમિની તકો, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, હેચરી સિસ્ટમ્સ, કોલ્ડ ચેઇન અને આધુનિક પરિવહન વ્યવસ્થા પર ભાર મૂક્યો હતો. સમાપન સમારોહમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વાઇબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ દ્વારા ગુજરાતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સમાવેશક વિકાસના વિઝનને સાકાર કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે વડા પ્રધાનના સુધારા, કામગીરી અને પરિવર્તનના મંત્રને કારણે દેશમાં ઉદ્યોગો અને અર્થતંત્ર માટે અનુકૂળ વાતાવરણ સર્જાયું છે, અને વાઇબ્રન્ટ ગુજરાત સમિટ અને વીજીઆરસી જેવા કાર્યક્રમો ઉદ્યોગપતિઓ માટે ટેક-ઓફ પ્લેટફોર્મ સાબિત થયા છે. ■

# સુરતમાં ₹30 લાખના દાગીના ચોરી કરનાર કારીગર ઝડપાયો,

## ₹૩૭.૧૭ લાખનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદ: સુરતના મહિધરપુરામાં થયેલી ₹૩૦ લાખથી વધુના સોના અને હીરાના દાગીનાની ચોરીનો ભેદ પોલીસે ઉકેલી નાંખ્યો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી તેની પાસેથી ૧૧૦.૦૯ ગ્રામ સોનાના દાગીના, ૪૫.૧૯ કેરેટના ૬૭૪ નેચરલ હીરા, ૧૫.૮૦ કેરેટના ૨૬ સીવીડી હીરા, એક સેમસંગ મોબાઇલ અને અન્ય વસ્તુઓ મળી કુલ ₹૩૭.૧૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, સુરતના ભવાનીવડ મેઈન રોડ પર આવેલી સાંઘા જ્વેલ્સ ફેક્ટરીમાં કામ કરતા સંબ સાય ઉર્ફે બિપન વિપિન સાય (ઉ.વ. ૩૨), મૂળ પશ્ચિમ બંગાળના અને હાલ મહિધરપુરામાં રહેતા હતા. તેમને સોનાના દાગીનામાં હીરા જડવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ૧૭ જૂન, ૨૦૨૬ના રોજ સવારે તે ફેક્ટરીમાંથી ૧૧૧.૫૬૫ ગ્રામ સોનાના દાગીના તથા ૬૨.૩૮ કેરેટ હીરા મળી કુલ ₹૩૦.૪૨ લાખનો મુદ્દામાલ લઈને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં નોકર દ્વારા ચોરીનો ગુનો નોંધાયો હતો.

ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખી ક્રાઇમ બ્રાન્ચે તપાસ શરૂ કરી હતી.સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી આરોપીની હિલચાલ પર નજર રાખવામાં આવી હતી. આખરે વરાછા એલ.એચ. રોડ પર એ.બી. ડાયમંડ સર્કલ નજીકથી આરોપીને ઝડપી લેવામાં આવ્યો હતો. ■

# એસ.ટી. નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન જીએસઆરટીસીના હજારો કર્મચારીઓના હિતમાં ગુજરાત સરકારે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. સરકારે નિગમના કર્મચારીઓને મળતા મોંઘવારી ભથ્થા (ડીએ)માં ત્રણ ટકાનો વધારો મંજુર કર્યો હતો. અત્યાર સુધી ૫૫ ટકા મુજબ મળતું મોંઘવારી ભથ્થું હવે વધારીને ૫૮ ટકા કરવામાં આવ્યું છે. હર્ષ સંઘવીએ સોશ્યલ મીડિયા પર આ અંગેની સત્તાવાર જાણકારી આપી હતી. તેમની આ જાહેરાત બાદ એસટી કર્મચારીઓમાં આનંદની લાગણી જોવા મળી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, એસ.ટી. નિગમના કર્મચારીઓ લાંબા સમયથી સાતમા પગાર પંચ પ્રમાણે મોંઘવારી ભથ્થુ આપવાની માગણી કરી રહ્યા હતા. આ માગણીને સ્વીકારીને ગત વર્ષે વાહનવ્યવહાર પ્રધાન હર્ષ સંઘવી દ્વારા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરવાની જાહેરાત કરી હતી. આ સાથે જ કર્મચારીઓને સાત મહિનાનું એરિયર્સ પણ ચૂકવવાની જાહેરાત કરવામાં આવી હતી. આ નિર્ણયથી એસટી નિગમ પર અંદાજે રૂ. ૨૪ કરોડથી વધુનો વધારાનો આર્થિક બોજ આવશે, પરંતુ તેના કારણે નિગમના ૩૭ હજારથી વધુ કર્મચારીઓને સીધો આર્થિક લાભ થશે. ■

# મેટ્રિમોનિયલ સાઈટ પર બે કરોડની છેતરપિંડી કરનારી ગેંગ ઝડપાઈ

## નેપાળ કનેક્શન બહાર આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સની ટીમે મેટ્રિમોનિયલ વેબસાઇટ પર શરૂ થયેલી નકલી ફોરેક્સ રોકાણ યોજના દ્વારા સુરતના રહેવાસીને ₹૨.૩ કરોડની છેતરપિંડી કરવાના આરોપમાં કથિત સાયબર ફ્રોડ સિન્ડિકેટના પાંચ સભ્યોની ધરપકડ કરી હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ટીમના જણાવ્યા અનુસાર, પીડિત મેટ્રિમોનિયલ પ્લેટફોર્મ પર જિજ્ઞાષા કપૂર નામની એક મહિલાના સંપર્કમાં આવ્યો હતો. તેનો વિશ્વાસ મેળવ્યા પછી, મહિલાએ તેને રોબોફોરેક્સ પ્લેટફોર્મ પર ફોરેક્સ ટ્રેડિંગ વિશે વાત કરી હતી અને ઊંચા વળતરનો દાવો કર્યો હતો.

વિશ્વાસ કેળવવા માટે, છેતરપિંડી કરનારાઓએ પીડિતને ₹૫૦,૦૦૦ ના પ્રારંભિક રોકાણ પર થોડો નફો ઉપાડવાની મંજૂરી આપી હતી. ત્યારબાદ ટેલિગ્રામ દ્વારા લગભગ ₹૧.૫ કરોડ અલગ અલગ બેંક ખાતાઓમાં ટ્રાન્સફર કરવાની સૂચના આપવામાં આવી હતી અને ઓનલાઈન ટ્રેડિંગ પોર્ટલ પર નકલી નફો બતાવ્યો હતો.

પરંતુ પાછળથી, જ્યારે તેણે પોતાના પૈસા ઉપાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેનું ખાતું બ્લોક થઈ ગયું. ત્યારબાદ છેતરપિંડી કરનારાઓએ ખાતાને અનલોક કરવા માટે જરૂરી ₹૮૩ લાખની માંગણી કરી. તેઓ ઉપાડના ચાર્જના બહાને વધારાની ચુકવણી માંગવાનું ચાલુ રાખ્યું, પરંતુ પીડિતને ક્યારેય તેના પૈસા પાછા મળ્યા નહીં.

આ કેસમાં પોલીસે આણંદથી રાજ પડસાલા અને રાજકોટના ચાર રહેવાસીઓ, યાજ્ઞિક રામાણી, લક્ષ્મણ વાઘેલા, જયદીપકુમાર અરદેસણા અને સાગર ગોકાણીની ધરપકડ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. તપાસમાં જાણવા મળ્યું હતું કે પડસાલાએ આરપી કેમિકલ્સના નામે એક બેંક ખાતું ખોલાવ્યું હતું અને કમિશનના બદલામાં એકાઉન્ટ કીટ અન્ય આરોપીઓને સોંપી દીધી હતી. પોલીસે જણાવ્યું હતું કે દિલ્હી સ્થિત સંપર્કોની મદદથી નેપાળથી કાર્યરત સાયબર છેતરપિંડી કરનારાઓ સુધી પહોંચતા પહેલા ખાતાને મધ્યસ્થી દ્વારા રૂટ કરવામાં આવ્યું હતું.

નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ દ્વારા જાણવા મળ્યું કે આ બેંક એકાઉન્ટ દેશભરમાંથી ₹૧૫.૩ કરોડથી વધુના વ્યવહારો સાથે સંકળાયેલી ૩૧ સાયબર ક્રાઈમ ફરિયાદો સાથે જોડાયેલું છે.

પોલીસે આરોપીઓ પાસેથી સાત મોબાઈલ ફોન અને બનાવટી ઓળખ કાર્ડ જપ્ત કર્યા હતા અને સિન્ડિકેટના આંતરરાજ્ય અને સરહદ પારના સંબંધોની તપાસ ચાલુ રાખી હતી. ■

# ગુજરાતમાં ક્લાસ વન અધિકારીઓના બંગલા પર ફરી વળ્યું બુલડોઝર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક ગરૂડેશ્વર ખાતે સરકારી અધિકારીઓને ફાળવવામાં આવેલા પ્લોટ પર કથિત ગેરકાયદેસર બાંધકામો સામે જિલ્લા વહીવટી તંત્રે કડક કાર્યવાહી કરી છે. રવિવારથી શરૂ થયેલી આ ડિમોલિશન ઝુંબેશ આજે સતત બીજા દિવસે પણ ચાલુ રહી હતી.

મળતી માહિતી અનુસાર આ મામલો વર્ષ ૨૦૧૯નો છે, જ્યારે નર્મદાના તત્કાલીન કલેક્ટર આર.એસ. નિનામાએ ગરૂડેશ્વર વિસ્તારમાં ૧૩ સરકારી અધિકારીને રહેણાંક પ્લોટ ફાળવ્યા હતા. આ પ્લોટ નક્કી કરેલા સમયગાળામાં બાંધકામ કરવા સહિતની ચોક્કસ શરતોને આધીન, માત્ર રહેણાક હેતુ માટે જ ફાળવવામાં આવ્યા હતા.

જો કે, કેટલાક પ્લોટધારકો (જેમને પ્લોટ ફાળવવામાં આવ્યા હતા તેઓ) નક્કી કરેલી સમયમર્યાદામાં બાંધકામ શરૂ કરવામાં કથિત રીતે નિષ્ફળ રહ્યા હતા. પ્રાથમિક તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે કેટલાક બાંધકામો પ્લોટ ફાળવણીની શરતો અને અન્ય લાગુ પડતા નિયમોનું ઉલ્લંઘન કરીને કરવામાં આવ્યા હતા.

વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, કેટલાક બાંધકામો જરૂરી ટાઉન પ્લાનિંગ મંજૂરીઓ મેળવ્યા વિના કરવામાં આવ્યા હતા અને તે રહેણાક હેતુના નિયમોથી વિપરીત હોવાનું બહાર આવ્યું છે. અધિકારીઓનો દાવો છે કે આ ઈમારતોનો ઉપયોગ વ્યાપારી હેતુ માટે કરવાનો ઈરાદો હોય તેવું જણાતું હતું, જેને પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ કડક કાર્યવાહી કરવામાં આવી છે.

હાલના કલેક્ટરે આદેશ આપ્યો છે કે જ્યાં પણ પ્લોટ ફાળવણીની શરતોનું ઉલ્લંઘન થયું હોવાનું બહાર આવ્યું છે, તે જમીન ફરીથી સરકારી માલિકી હેઠળ જપ્ત કરવામાં આવે. આ નિર્ણયને કારણે વહીવટી વર્તુળોમાં મોટો વિવાદ ઊભો થયો છે.

આ અગાઉ, ફાળવણીની શરતોનો ભંગ જોવા મળતાં સરકારે ૧૩ માંથી ૬ પ્લોટ પાછા લઈ લીધા હતા. આ છ પ્લોટધારકો નક્કી કરેલી સમયમર્યાદામાં બાંધકામ શરૂ કરવામાં નિષ્ફળ રહ્યા હતા. બાકીના સાત પ્લોટધારકોમાંથી બે વ્યક્તિઓએ કોર્ટમાંથી સ્ટે ઓર્ડર મેળવી લીધો છે. ■

# કોંગ્રેસના નેતા બળદેવજી ઠાકોરે સક્રિય રાજકારણમાંથી સન્યાસ લેવાના આપ્યા સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાનારી છે. તે પહેલા જ કોંગ્રેસના નેતા બળદેવજી ઠાકોરે રાજકીય સન્યાસ લેવાના સંકેતો આપ્યા હતા. કડીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં તેમણે આપેલા નિવેદન બાદ રાજકીય ચર્ચાઓએ જોર પકડ્યું હતું. બળદેવજી ઠાકોર મહેસાણા પૂર્વના ધારાસભ્ય, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રહી ચૂક્યા છે.

બળદેવજી ઠાકોરે સક્રિય રાજકારણમાંથી મુક્ત થઈને હવે પક્ષ અને સમાજની સલાહકાર સમિતિમાં જોડાવાની ઈચ્છા દર્શાવી હતી. તેમણે જણાવ્યું હતું કે બહુ રાજકારણ કર્યું, હવે અમે તમારી પાછળ છીએ. આ સાથે તેમણે પોતાના જીવનના છેલ્લા ૩૫ વર્ષના લાંબા રાજકીય અનુભવ અને રાજકીય સંઘર્ષને યાદ કર્યો હતો. ■

# રાજ્યના આરોગ્ય પ્રધાને ખાદ્ય-દવાઓમાં ભેળસેળ કરનારાઓ સામે કડક કાયદો બનાવવા કેન્દ્ર સરકાર સમક્ષ કરી રજૂઆત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન જે પી નડ્ડાની અધ્યક્ષતામાં નવી દિલ્હી ખાતે યોજાયેલી કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ પરિષદની ૧૬મી બેઠકમાં ગુજરાતના આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

બેઠક દરમિયાન આરોગ્ય પ્રધાન પ્રફુલ પાનશેરીયાએ ગુજરાત અને દેશના આરોગ્ય ક્ષેત્રને વધુ સશક્ત બનાવવા માટે કેન્દ્ર સરકાર સમક્ષ અનેક મહત્ત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા હતા.

જેમાં ફૂડ અને ડ્રગ્સમાં ભેળસેળ કરનાર તત્ત્વો સામે વધુ અસરકારક કાર્યવાહી માટે તેમણે વર્ષ-૨૦૦૬ના ફૂડ સેફટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઍક્ટ જરૂરી સુધારા કરીને વધુ કડક અને નિરોધાત્મક કાનૂની જોગવાઈઓ લાવવાની કેન્દ્ર સરકારને ભલામણ કરી હતી, જેથી જનસ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારાઓ સામે કડક કાર્યવાહી કરીને ભેળસેળના ગુનાઓ પર અસરકારક નિયંત્રણ સ્થાપી શકાય.

આ સાથે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના દર્દીઓને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની અદ્યતન સારવાર સરળતાથી ઉપલબ્ધ બને તે માટે રાજકોટ સ્થિત એઇમ્સમાં ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની સંપૂર્ણ સુવિધા વિકસાવવાની માગણી કરી હતી.

આ સુવિધા ઉપલબ્ધ થતાં રાજ્યના પશ્ચિમ વિસ્તારના હજારો દર્દીઓને સમયસર અને ગુણવત્તાસભર સારવારનો લાભ મળશે.

દેશમાં એન્ટિબાયોટિક દવાઓના વધતા અને અનિયંત્રિત ઉપયોગ અંગે પણ પ્રફુલ પાનશેરીયાએ ચિંતા વ્યક્ત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે એન્ટિબાયોટિક્સના અતિરેક ઉપયોગને કારણે દવાઓ સામે પ્રતિકારક ક્ષમતા જેવી ગંભીર સમસ્યા ઊભી થઈ રહી છે.

તેથી દેશવ્યાપી સ્તરે એન્ટિબાયોટિક્સના જવાબદાર અને નિયંત્રિત ઉપયોગ માટે અસરકારક નીતિ તથા કડક અમલીકરણની જરૂરિયાત છે. ■

# ગાંધીનગરમાં ૧૨૭ કરોડના ખર્ચે નિર્માણ પામશે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટિચર્સ એજ્યુકેશનનું નૂતન ભવન અને હોસ્ટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે રૂ.૧૨૭ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ થનારા આ નૂતન ભવનનું ભૂમિપૂજન કર્યું હતું.

આ નવા ભવનમાં એકેડેમિક બિલ્ડિંગ, આધુનિક સાયન્સ લેબ તથા સેમિનાર રૂમ તેમજ સ્ટેટ ઓફ આર્ટ લાઇબ્રેરી અને મ્યુઝિયમ જેવી સુવિધાઓ ઉપરાંત વિવિધ રમતો માટે પ્લે ગ્રાઉન્ડ, આધુનિક સુવિધાઓ સાથેની ૬૦૦થી વધુ ભાઈઓ તથા બહેનોને સમાવી શકાય તેવી હોસ્ટેલનું બાંધકામ હાથ ધરાશે.

આ પ્રસંગે શિક્ષણ પ્રધાન ડો. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, આજે માત્ર ભવન કે મકાન નિર્માણની શરૂઆત નથી થઈ, પરંતુ ભારતના ભવિષ્યના ઘડતરમાં અમૂલ્ય યોગદાન આપનારા ઉત્તમ શિક્ષકોના નિર્માણના એક નવા યુગની શરૂઆત થઈ છે. ભારત માત્ર સામાન્ય શિક્ષકો જ નહીં, પણ 'રાષ્ટ્ર નિર્માતા' શિક્ષકો તૈયાર કરીને વૈશ્વિક સ્તરે અગ્રણી ભૂમિકા ભજવે અને વિદેશોમાં પણ શ્રેષ્ઠ શિક્ષકો પૂરા પાડે, તેવા ભગીરથ દ્રષ્ટિકોણને આ સંસ્થા આજે નવી ઊંચાઈએ લઈ જઈ રહી છે. ■

# રાજકોટમાં ૮૪ પેઢી-રેસ્ટોરન્ટ પર મનપાની ટીમ ત્રાટકી, ૫૧૮ અખાદ્ય જથ્થાનો નાશ, છ દુકાનો સીલ


(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફૂડ વિભાગ દ્વારા ફરી એક વખત લોકોના આરોગ્ય સાથે ચેડા કરતા ફરસાણના લેભાગુ વેપારીઓ પર તવાઈ બોલાવવામાં આવી હતી. ફૂડ વિભાગની ટીમે શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ૮૪ જેટલી ખ્યાતનામ ખાણીપીણીની પેઢીઓ પર અચાનક દરોડા પાડતા ખળભળાટ મચી ગયો હતો. ફૂડ શાખા દ્વારા કુલ ૫૧૮ કિલો અખાદ્ય અને વાસી ખોરાકના જથ્થાનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત લાઇસન્સ વગર ધમધમતી છ જેટલી મોટી ખાદ્ય પેઢીઓને ત્વરિત અસરથી સીલ કરી દેવામાં આવી હતી.

મળતી વિગતો મુજબ, આરોગ્ય વિભાગની ફૂડ સેફ્ટી ટીમે શહેરની જાણીતી એવી તુલસી બેકરી, ક્રિષ્ના રેસ્ટોરન્ટ, પટેલ સ્વીટ અને પટેલ વિજય સ્વીટ એન્ડ નમકીન સહિતની ચારથી વધુ પેઢીઓ પર સઘન તપાસ હાથ ધરી હતી. આ તપાસ દરમિયાન મોટા પાયે અનિયમિતતાઓ બહાર આવી હતી. તપાસ દરમિયાન કિચન અને સ્ટોરેજ એરિયામાંથી મોટા જથ્થામાં વાસી લોટ, ફૂગ વાળી અને અખાદ્ય સામગ્રી મળી આવી હતી.

આ સાથે જ નિયમોનું ઉલ્લંઘન કરનારા વેપારીઓ પાસેથી કુલ રૂ. ૭૯,૫૦૦નો વહીવટી ચાર્જ એટલે કે પેનલ્ટી વસૂલ કરી હતી અને કુલ ૨૪ પેઢીઓને સ્ટોરેજ, હાઇજેનિક કન્ડિશન તેમજ ફૂડ લાઇસન્સ બાબતે કડક નોટિસો ફટકારવામાં આવી હતી. આ કાર્યવાહીથી ખાણીપીણીના ધંધાર્થીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ■

# ભાવનગરમાં અશાંત ધારાના કડક અમલની માગ સાથે હિન્દુ સમાજની વિશાળ રેલીઃ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું


(તસવીર- વિપુલ હિરાણી)

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં અશાંત ધારાના કડક અમલીકરણ અને ચોક્કસ વિસ્તારોમાં સ્થાનિક રહેવાસીઓને અસામાજિક તત્ત્વો દ્વારા કરવામાં આવતી હેરાનગતિના વિરોધમાં હિન્દુ સંગઠનો અને સ્થાનિક લોકોએ કલેક્ટર કચેરી ખાતે મોરચો માંડ્યો હતો. ભાવનગરના વિવિધ હિન્દુ સંગઠનો અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં રસ્તા પર ઊતરી આવ્યા હતા અને ટાઉન હોલથી કલેક્ટર કચેરી સુધી એક વિશાળ રેલી યોજીને વહીવટી તંત્રને આવેદનપત્ર સુપરત કર્યું હતું.

સ્થાનિક ગીતા ચોક અને કૃષ્ણનગર વિસ્તારમાંથી રેલીમાં જોડાયેલી મહિલાઓએ વહીવટી તંત્ર સમક્ષ પોતાની આપવીતી અને આક્રોશ વ્યક્ત કર્યો હતો. રહેવાસીઓના આક્ષેપ અનુસાર, આ વિસ્તારોમાં રહેતા જૈન અને બ્રાહ્મણ સમાજના ઘરોની આસપાસ જાણીજોઈને માંસના ટુકડા અને ઈંડાના છોતરાં ફેંકીને ધાર્મિક લાગણી દુભાવવા સાથે માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે.

આ ઉપરાંત, ઘરમાં મહિલાઓ એકલી હોય ત્યારે અજાણ્યા શખ્સો આવીને મકાનો વેચી દેવા માટે દબાણ કરે છે અને મોટી રકમની લાલચો આપે છે. મોડી રાત સુધી લાઉડસ્પીકરનો ઘોંઘાટ અને ભરચક રહેણાક વિસ્તારોમાં સગીરો દ્વારા બેફામ સ્પીડે વાહનો ચલાવવાની પ્રવૃત્તિઓને કારણે સમગ્ર વિસ્તારમાં ભય અને અસલામતીનો માહોલ હોવાની રજૂઆત કરવામાં આવી હતી.

ભાવનગરના પૂર્વ મેયર રીનાબેન શાહ અને ભાજપના પૂર્વ કોર્પોરેટર કિશોરભાઈ ભટ્ટે આ અંગે ઘેરા પ્રત્યાઘાતો આપતા જણાવ્યું હતું કે, ભાવનગર શહેરની ડેમોગ્રાફી (વસ્તીનું માળખું) બદલવાનો સુનિયોજિત પ્રયાસ થઈ રહ્યો છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે. તેમણે વહીવટી તંત્ર પાસે માગ કરી હતી કે શહેરમાં અશાંત ધારાની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવામાં આવે અને ભૂતકાળમાં મંજૂર થયેલી કે પ્રક્રિયા હેઠળની તમામ શંકાસ્પદ ફાઈલોની નવેસરથી કડક તપાસ કરવામાં આવે. આ સાથે જ નાગરિકોની સુરક્ષા માટે ગીતા ચોક અને બોરડીગેટ વિસ્તારમાં તાત્કાલિક નવી પોલીસ ચોકીઓ કાર્યરત કરી સઘન પોલીસ પેટ્રોલિંગ શરૂ કરવાની માગણી પણ દોહરાવવામાં આવી હતી.

હિન્દુ સમાજના આગેવાન અશોકભાઈ ગોહિલે સ્થાનિક વહીવટી તંત્રમાં ચાલતા ભ્રષ્ટાચાર પર પ્રહારો કરતા સવાલ ઉઠાવ્યો હતો કે, અગાઉ ગાજેલા રૂ. ૧૪ લાખના લાંચ પ્રકરણમાં જે ડ્રાઈવરને સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો, તે કેસની તપાસ હાલ કઈ સ્થિતિએ પહોંચી છે તેની વિગતો તંત્ર દ્વારા જાહેર કરવામાં આવે.

સમગ્ર મામલે હિન્દુ સમાજની રજૂઆતો અને આવેદનપત્રનો સ્વીકાર કરીને ભાવનગર કલેક્ટર તેમજ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ આ બાબતને ગંભીરતાથી લઈ તાત્કાલિક અને સખત કાયદાકીય કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. જો કે, હિન્દુ સંગઠનોના અગ્રણીઓએ વહીવટી તંત્રને સ્પષ્ટ ચીમકી આપી હતી કે જો આગામી દિવસોમાં આ મામલે કોઈ નક્કર પરિણામલક્ષી પગલાં ભરવામાં નહીં આવે, તો હિન્દુ સમાજ દ્વારા આગામી સમયમાં આ આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે, જેની તમામ કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સ્થાનિક તંત્રની રહેશે. ■

# ભાવનગરમાં ખેડૂતવાસના મફતનગરમાં નજીવી બાબતે બે જૂથો વચ્ચે સશસ્ત્ર ધીંગાણું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના મફતનગર વિસ્તારમાં આવેલા ખેડૂતવાસ, મનાભાઇના ચોકમાં રાત્રે ગાળો બોલવા જેવી નજીવી બાબતે બે પાડોશી જૂથો વચ્ચે સશસ્ત્ર મારામારી થતાં વિસ્તારમાં ભારે તંગદિલી ફેલાઈ ગઈ હતી. આ હિંસક ઘટનામાં બંને પક્ષે ગોકીરો કરનારાઓ સામે સામસામી ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ઘટના અંગે પોલીસ મથકેથી મળતી વિગતો મુજબ, ખેડૂતવાસ મ્યુનિસિપાલિટી ક્વાર્ટર્સ સામે મનાભાઇનો ચોક, મફતનગર ખાતે રહેતા મહેશ મોટાભાઈ ગોહિલ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, રાત્રે સાડા નવ વાગ્યે તેઓ તેમના ઘર પાસે ઊભા હતા. તે સમયે તેમના ઘર પાસે ગોપાલ ઉર્ફે કેયુ બોલતો હતો અને તેના ભાઈઓ ગાળો બોલતા હતા. મહેશભાઈના પિતા બુધાભાઈએ તેમને ગાળો બોલવાની ના પાડતા, ઉશ્કેરાયેલા ગોપાલ, રોહિત, કાળુ, જગદીશ, ચેતન, નિકેશ સહિતના શખ્સો એકસંપ થઈ તલવાર, લોખંડના પાઇપ, છરી અને ધારીયા જેવા ઘાતક હથિયારો સાથે ધસી આવ્યા હતા અને હુમલો કર્યો હતો. આ હુમલામાં મહેશભાઈ ને ડોક અને વાંસાના ભાગે, જ્યારે તેમના પિતા બુધાભાઈ અને ભાઈ અલ્તાફને માથા અને અન્ય ભાગે ગંભીર ઇજાઓ પહોંચી હતી.

જ્યારે સામા પક્ષની વળતી ફરિયાદ તલવાર, ફરસી અને પથ્થરમારો બાબતે ગોપાલ ઉર્ફે કેયુ કિશોરભાઈ વાઘેલા ઉ.વ. ૩૦ એ વળતી ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યા મુજબ, તેઓ અને તેમના ભાઈઓ ચોકમાં ઊભા હતા ત્યારે મહેશ ગોહેલ, કલ્પેશ, કિશોરભાઈ અને કરણભાઈ ત્યાં આવ્યા હતા અને 'અમારા ઘર પાસે કેમ રાડો પાડો છો' તેમ કહી ગાળો આપી હતી. ગોપાલે તેના મિત્રોને બોલાવતા સામા પક્ષે તલવાર, લોખંડના ફરસા અને પથ્થરોથી હુમલો કર્યો હતો. જેમાં મહેશે ગોપાલને માથામાં તલવારના ઘા માર્યા હતા, જ્યારે કલ્પેશે લોખંડના ફરસાથી ગોપાલ અને તેના મિત્ર ચેતનને ઇજાઓ પહોંચાડી હતી. અન્ય આરોપીઓએ ઈંટો અને પથ્થરમારો કર્યો હતો.

આ બનાવથી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાયો હતો. આ ધીંગાણા અને સામસામા પથ્થરમારામાં બંને પક્ષે ગંભીર રીતે ઘવાયેલા લોકોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ભાવનગરની સરકારી હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# આગામી ૭૨ કલાકમાં કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ જૂન મહિનાના પ્રારંભમાં સુસ્ત પડેલું ચોમાસું હવે બેવડી સિસ્ટમના જોરે સમગ્ર રાજ્યમાં તોફાની ઇનિંગ રમવા તૈયાર થયું છે. દેશની પશ્ચિમે ગુજરાત પર અને પૂર્વે બંગાળ-બાંગ્લાદેશ સરહદ પર એકસાથે બે લો-પ્રેશરની સિસ્ટમ સક્રિય થઈ છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ 'ટવીન સિસ્ટમ'ના સંયુક્ત પ્રભાવને કારણે આગામી ૭૨ કલાક દરમિયાન કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ પડવાની સંભાવનાઓ પ્રબળ બની છે.

હવામાન નિષ્ણાતોના મતે, ગુજરાત પર સર્જાયેલું લો-પ્રેશર હાલ પૂર્વ ગુજરાત પર કેન્દ્રિત છે, જે ધીમે-ધીમે ઉત્તર-પશ્ચિમ તરફ એટલે કે કચ્છ અને રાજસ્થાન સરહદ તરફ આગળ વધી રહ્યું છે. આ સાથે જ તીવ્ર પવનોના પ્રવાહ સાથે અરબી સમુદ્ર પરથી પ્રચંડ માત્રામાં ભેજ ખેંચીને સીધો કચ્છના દરિયાકાંઠા તરફ ધકેલી રહ્યો છે. આ બંને સિસ્ટમના બેવડા ખેંચાણને કારણે કચ્છ જિલ્લામાં ૧થી ૩ જુલાઈ દરમિયાન ધોધમાર વરસાદ વરસી શકે છે. કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં જોવા મળશે. માંડવી, મુંદરા, ગાંધીધામ અને કંડલા પટ્ટામાં કલાકના ૪૦થી ૫૦ કિલોમીટરની ઝડપે ફૂંકાતા પવન સાથે ભારે વરસાદી ઝાપટાં પડવાની સંભાવના છે. દરિયો તોફાની બનવાના એંધાણને પગલે માછીમારોને આગામી સૂચના સુધી દરિયો ન ખેડવાની તાકીદ કરવામાં આવી છે.

બીજી તરફ, જિલ્લાના આંતરિક વિસ્તારો એવા ભુજ, અંજાર, ભચાઉ અને રાપરમાં ગાજવીજ સાથે એકધારો વરસાદ વરસી શકે છે. ખાસ કરીને રણ વિસ્તારની ભૌગોલિક સ્થિતિને કારણે ત્યાં પાણી ઝડપથી ભરાઈ જતું હોવાથી નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ શકે છે.

અત્યારે કચ્છમાં મગફળી, કપાસ અને બાજરી જેવા ખરીફ પાકોનું વાવેતર પ્રારંભિક તબક્કામાં છે, ત્યારે આ વરસાદ વાવણી માટે અમૃત સમાન સાબિત થશે. જો કે, જો સતત અતિભારે વરસાદ પડે તો ખેતરોમાં ધોવાણ થવાનો ભય પણ રહેલો છે, જેથી કૃષિ વિભાગે ખેડૂતોને ખેતરોમાં પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા જાળવી રાખવા સલાહ આપી છે. ચોમાસાના આ 'ડબલ એન્જિન' મોડલ અંગે વિજ્ઞાનીઓ જણાવે છે કે, સામાન્ય રીતે ચોમાસાને ગતિશીલ રાખવા બે પ્રક્રિયા જરૂરી હોય છે. જેમાં સોમાલી જેટ અરબી સમુદ્રમાંથી ભેજરૂપી ઇંધણ પૂરું પાડે છે, જ્યારે બંગાળની ખાડીનું લો-પ્રેશર તે ભેજને દેશના આંતરિક ભાગો તરફ ખેંચી લાવે છે. હાલમાં આ બંને અનુકૂળ પરિસ્થિતિઓ એકસાથે સર્જાતાં અને લો-પ્રેશર સીધું કચ્છ તરફ સરકતું હોવાથી જિલ્લાને બેવડો લાભ મળશે. આ પોઝિટિવ ફીડબેક લૂપને કારણે વરસાદ લાંબો સમય ચાલશે અને વચ્ચે બ્રેક પડવાની શક્યતા નહિવત છે.

ભયજનક પરિસ્થિતિને પહોંચી વળવા માટે હવામાન ખાતાએ કચ્છ જિલ્લા માટે ૧ અને ૨ જુલાઈએ 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે. કેટલીક જગ્યાએ ૨૦૦ મિલીમીટર (૮ ઇંચ)થી વધુ વરસાદ ખાબકી શકે છે. તંત્ર દ્વારા નાગરિકોને નીચાણવાળા વિસ્તારો, કોઝ-વે અને નદી-નાળા ઓળંગવાનું ટાળવા અપીલ કરાઈ છે. ખાસ કરીને બન્ની અને ખાવડા જેવા રણ વિસ્તારોમાં અચાનક પૂર આવવાની પ્રકૃતિ હોવાથી ત્યાં વિશેષ સાવચેતી રાખવા જણાવાયું છે. ટૂંકમાં, જૂન માસની કસર પૂરી કરવા ચોમાસું હવે કચ્છના દ્વારે ધમાકેદાર દસ્તક દઈ રહ્યું છે, જે કૃષિ ક્ષેત્ર માટે આશાસ્પદ પરંતુ વહીવટી તંત્ર અને જનજીવન માટે સાવધ રહેવાનો સંકેત છે. ■

# વરસામેડી અને આડેસર નજીકથી ₹ ૧.૫૬ લાખના વિદેશી શરાબ સાથે ચાર બૂટલેગરો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છ પોલીસ વડાની સૂચના હેઠળ પ્રોહિબિશનના દૂષણને નાબૂદ કરવા આદરેલી ઝુંબેશ અંતર્ગત અંજાર અને આડેસર પોલીસે બે અલગ-અલગ સફળ દરોડા પાડીને કુલ રૂ. ૧,૫૬,૧૨૭ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. આ કામગીરી દરમિયાન પોલીસે બે કાર સહિત ચાર શખ્સોની ધરપકડ કરી છે, જ્યારે કિંગપિન સહિત અન્ય બે બૂટલેગરો નાસી છૂટવામાં સફળ રહ્યા હોઈ તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે. અંજાર પોલીસ મથકનો સ્ટાફ વરસામેડી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો, તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે યુનુસ રાઠોડ નામનો એક શખ્સ પોતાની કારમાં દારૂનો મોટો જથ્થો ભરીને એરપોર્ટ રોડ ઓમનગર તરફથી વરસામેડી ક્રિકેટ મેદાનવાળા રસ્તેથી પસાર થવાનો છે. બાતમીના આધારે પોલીસે ક્રિકેટ મેદાન નજીક વ્યૂહાત્મક વોચ ગોઠવી હતી.

આ દરમિયાન બાતમીવાળી શંકાસ્પદ કાર આવતાં પોલીસે તેને આંતરી લીધી હતી. કારની પાછળની સીટમાં તપાસ કરતાં તેમાંથી વિદેશી શરાબના ક્વાર્ટરિયાનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી કારચાલક યુનુસ ઉર્ફે અપ્પુ અબ્દુલ રાઠોડ (રહે. ઇદગાહ ઝૂંપડપટ્ટી, અંજાર) તથા તેની બાજુમાં બેઠેલા ભગીરથસિંહ ભૂપેન્દ્રસિંહ જાડેજા (રહે. દિવ્યા-૨ સોસાયટી, વરસામેડી)ની ધરપકડ કરી હતી.

પોલીસે કારમાંથી સ્ટાર ગોલ્ડના ૭૬૮, રોયલ સ્પેશ્યલના ૧૯૨ અને ગ્રાન્ડ પાર્ટીના ૪૬ મળી કુલ ૧,૦૦૬ નંગ દારૂના ક્વાર્ટરિયા (અંદાજિત કિંમત રૂ. ૧,૩૧,૭૦૦) અને કાર જપ્ત કરી હતી. પકડાયેલા આરોપી યુનુસની કડક પૂછપરછ કરતાં તેણે કબૂલાત કરી હતી કે આ જથ્થો તેણે આદિપુરના કુખ્યાત બૂટલેગર કિશન શામજી મહેશ્વરીના કહેવાથી ભરી આપ્યો હતો અને તે સાથે બેઠેલા ભગીરથસિંહના ઘરે પહોંચાડવા જઈ રહ્યો હતો. પોલીસે ફરાર કિશન મહેશ્વરી વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા કાયદેસરની તજવીજ હાથ ધરી છે. દારૂ વિરોધી બીજી સફળ કાર્યવાહી આડેસર પોલીસ મથકના સ્ટાફ દ્વારા સરહદી વિસ્તારમાં કરવામાં આવી હતી. આડેસર નજીક આવેલા ડોંગવાળા તળાવ પાસે પાબુ દાદાના મંદિર તરફ જતા કાચા માર્ગની ઝાડીઓમાં એક શંકાસ્પદ કાર ઉભી હોવાની બાતમી મળતાં પોલીસે ત્યાં દરોડો પાડ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી કારની તલાશી લેતા તેમાંથી રૂ. ૨૪,૪૨૫ની કિંમતનો ગેરકાયદેસર ઇંગ્લિશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી કારની હેરાફેરી કરતા સચિન માદેવા આહીર (રહે. રામવાવ, રાપર) અને મહેશ માનસંગ કોળી (રહે. વણોઇવાંઢ) નામના બે ખેપિયાઓને દબોચી લીધા હતા.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા બંને શખ્સોએ જણાવ્યું હતું કે, આ દારૂનો જથ્થો તેઓ સરહદ પાર સાંતલપુર નજીક હાઈવે પરથી એક અજાણ્યા શખ્સ પાસેથી ભરી લાવ્યા હતા અને રામવાવ ગામના ચનુભા દેશરજી જાડેજાને ડિલિવરી આપવાના હતા. આ મામલે આડેસર પોલીસે દારૂ અને કાર મળીને મુદ્દામાલ જપ્ત કરી ફરાર ચનુભા જાડેજા વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ આદરી છે. ■

# વરસામેડીમાં પરિણીતાનો સાસરિયાના ત્રાસથી ગળેફાંસો ખાઈ આપઘાત

## માતાને વૉટ્સએપ પર સુસાઈડ નોટ મોકલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના અંજાર તાલુકાના વરસામેડી વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં રહેતી પરિણીતાએ સાસરિયાંના કથિત અસહ્ય માનસિક ત્રાસ અને મહેણાં-ટોણાંથી કંટાળીને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું હોવાનો હૃદયદ્રાવક કિસ્સો સામે આવ્યો છે. મૃતક પરિણીતાએ અંતિમ પગલું ભરતાં પૂર્વે રાત્રિના સમયે તેની માતાને વૉટ્સએપ પર બે પાનાની સ્યુસાઈડ નોટ મોકલી હતી, જેમાં સાસુ-સસરા અને નણંદો દ્વારા અપાતા ત્રાસની આપવીતી વર્ણવી છે. આ મામલે અંજાર પોલીસે પરિણીતાના સાસરિયાં વિરુદ્ધ આપઘાતની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, ગાંધીધામના પડાણા પંથકની વતની અને માતા-પિતાની એકમાત્ર પુત્રી રાજલબા ઉર્ફે અવનીબાના લગ્ન વર્ષ ૨૦૨૪માં સામાજિક રીત-રિવાજ મુજબ વરસામેડીના 'હરિસિદ્ધિ પાર્ક'માં રહેતા શિવરાજ ભરતસિંહ સોઢા સાથે થયા હતા. રાજલબાના પિતાનું વર્ષો પૂર્વે અવસાન થયું હોઈ તેમની માતા અમરતબા આંગણવાડીમાં નોકરી કરીને એકલા રહે છે. લગ્ન બાદ સંયુક્ત પરિવારમાં રહેતી રાજલબાને તેના સાસરિયાંઓ દ્વારા નાની-નાની બાબતોમાં હેરાન કરવામાં આવતી હતી.

ગત શનિવારે રાત્રે આશરે ૧૧ વાગ્યે રાજલબાએ આત્મહત્યા કરતાં પહેલાં તેની માતાને મોબાઈલ પર બે પાનાની લંબાણપૂર્વકની મરણચિઠ્ઠી મોકલી હતી. દીકરીનો આ મેસેજ જોઈને ગભરાઈ ગયેલી માતાએ તુરંત જ પડાણામાં રહેતા તેમના ભત્રીજા વિજયસિંહ વાઘેલાને જાણ કરી હતી. વિજયસિંહ તેમના ભાઈઓ સાથે તાત્કાલિક વરસામેડી ખાતે રાજલબાના સાસરે દોડી ગયા હતા. જો કે, ત્યાં પહોંચીને જોયું તો રાજલબાનો બેસુધ દેહ પલંગ પર પડેલો હતો. તેને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે અંજારની રામબાગ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કરી હતી.

અંજાર પોલીસે મૃતકના કાકા વિજયસિંહ વાઘેલાની ફરિયાદના આધારે સાસુ, સસરા અને બંને નણંદો સહિત ચાર આરોપીઓ સામે પરિણીતાને મરવા માટે મજબૂર કરવા અંગેની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ અને આરોપીઓની અટકાયત માટેની તજવીજ શરૂ કરી છે. ■

# ભાવનગરમાં મહિલા ઉપર પતિ સહિત સાસરિયાઓ દ્વારા હીચકારો હુમલો

ભાવનગરઃ શહેરના સરદાર પટેલ સ્કૂલ રોડ પર આવેલી અક્ષરધામ સોસાયટીમાં મોડી રાત્રે પતિને ઘરે મોડા આવવાનું પૂછવા પર ઉશ્કેરાયેલા પતિ અને સાસરિયાઓએ પરિણીતા પર જીવલેણ હુમલો કર્યાનો બનાવ બનવા પામ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર શહેરના અક્ષરધામ સોસાયટી શેરી નં-૮/એ માં રહેતા ૨૯ વર્ષીય મીરાંબા ચૌહાણે નીલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી કે, ૨૯ જૂનના રોજ રાત્રે ૧ વાગ્યે તેમના પતિ મહેન્દ્રસિંહ ઘરે મોડા આવ્યા હતા. મીરાંબાએ મોડા આવવાનું કારણ પૂછતા પતિ ઉશ્કેરાઈ ગયા હતા અને ગાળો ભાંડી કબાટમાંથી છરી કાઢી હતી. દેકારો સાંભળી સસરા નારસંગભાઈ, દિયર ભગીરથસિંહ અને નણંદ સોનલબેન રૂમમાં ધસી આવ્યા હતા. ચારેય શખ્સોએ ભેગા મળી પરિણીતાને ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો. તેમજ પતિએ ગળું દબાવી આંખની ઉપરના ભાગે છરીનો ઘા ઝીંકી દીધો હતો. દરમિયાન બચાવ માટે પરિણીતાના ભાઈ આવી જતા તેમણે ૧૧૨ પર ફોન કરી પોલીસ બોલાવી હતી. પોલીસને જોઈ આરોપીઓએ હુમલો બંધ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઈજાગ્રસ્ત મીરાંબાને માથાના ભાગે અને શરીર પર મૂંઢ ઈજાઓ થતા હૉસ્પિટલ ખસેડાયા હતા. બનાવ અંગે નીલમબાગ પોલીસે પતિ, સસરા, દિયર અને નણંદ એમ ચારેય વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ■

# સરકારી જમીન પરથી દબાણો હટાવાયા

ભુજઃ કચ્છના સરહદી ખાવડા પંથકના ધ્રોબાણા ગામના મોટા રણ વિસ્તારમાં સરકારી પડતર જમીન પચાવી પાડીને વર્ષોથી ખડકી દેવાયેલા ગેરકાયદેસર બાંધકામો પર વહીવટી તંત્રના બુલડોઝરે પ્રહાર કર્યો હતો. ભુજ પ્રશાસન અને મહેસૂલ વિભાગની ટુકડીએ ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે રાખીને આ સંયુક્ત મેગા ઓપરેશન પાર પાડ્યું હતું. આ દબાણ હટાવો ઝુંબેશથી સરહદી વિસ્તારના ભૂમાફિયાઓ અને ગેરકાયદેસર તત્ત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

ભુજના પ્રાંત અધિકારી ડો. એ.બી. જાદવના સીધા માર્ગદર્શન હેઠળ ભુજ ગ્રામ્યના મામલતદાર એમ.એમ. માળી, સિનિયર નાયબ મામલતદાર વી.ડી. અમીન, દબાણ નાયબ મામલતદાર કે.એમ. રાઠોડ અને ખાવડા સેજાના રેવન્યૂ તલાટી દિવાનસિંહ વાઘેલાની ટીમે ધ્રોબાણા હાઈવે અને રણ વિસ્તારમાં મોરચો સંભાળ્યો હતો.

તંત્ર દ્વારા મોટા રણ વિસ્તારમાં સરકારી જમીન પર ઊભી કરાયેલી ત્રણ પ્રખ્યાત હોટેલો સહિતના વ્યાપારી બાંધકામો ખુશ્બુ પંજાબી હોટેલ,મદીના હોટેલ ફક્ષય દિલદાર હોટલને તોડી પાડવામાં આવ્યા હતા, આ ઉપરાંત, આ જ વિસ્તારમાં સરકારી જમીન પર ઊભું કરાયેલું એક ધાર્મિક દબાણ પણ કાયદેસરની પ્રક્રિયા કરીને સંપૂર્ણપણે હટાવી લેવાયું હતું. આ ઓપરેશન દરમિયાન તસ્કરો અને દબાણકારોના કબજામાંથી અંદાજે ૧૨,૦૦૦ ચોરસ મીટર જેટલી વિશાળ સરકારી જમીન મુક્ત કરાવીને સરકારે પોતાનો કબ્જો મેળવ્યો છે. સરકારી જંત્રીના વર્તમાન દર મુજબ આ જમીનની બજાર કિંમત આશરે રૂ. ૯૧,૦૦,૦૦૦ જેટલી થવા જાય છે. ■

# ડમ્પરે ટ્રેઈલરને ટક્કર મારતાં યુવાન ચાલકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ સરહદી ખાવડા પંથકના પ્રખ્યાત યાત્રાધામ હાજીપીર પાસે એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ૨૬ વર્ષીય યુવાનનું ગંભીર ઈજાઓ થવાના કારણે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. રોંગ સાઈડમાંથી પૂરઝડપે અને બેદરકારીપૂર્વક આવેલા એક ડમ્પરના ચાલકે માલવાહક ટ્રેઈલર સાથે જોરદાર અકસ્માત સર્જતાં આ દુર્ઘટના ઘટી હતી. આ અંગે હાજીપીર પોલીસ મથકે ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મુરુ ગામના વતની ઈશા અલી નોતિયારે નોંધાવેલી સત્તાવાર ફરિયાદ મુજબ, ગત તા. ૧૬ જૂનના રોજ બપોરે હાજીપીર વિસ્તારમાં આવેલા બીએસએફ ગેટથી આગળ પાપડી નજીક આ અકસ્માત સર્જાયો હતો. ફરિયાદીનો ૨૬ વર્ષીય નાનો ભાઈ અલ્તાફ અલી નોતિયાર પોતાનું ટ્રેઈલર લઈને માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો.

આ દરમિયાન સામેથી રોંગ સાઈડમાં પૂરઝડપે આવી રહેલા એક ડમ્પર ચાલકે પોતાના વાહન પરથી નિયંત્રણ ગુમાવી દીધું હતું અને અલ્તાફના ટ્રેઈલર સાથે ટકરાવી દેતાં ટ્રેઈલરની કેબિનમાં ચાલક અલ્તાફ ગંભીર રીતે ફસાઈ ગયો હતો. ■